# યુદ્ધ અને યોદ્ધાઓની આ કથાઓ ખરેખર રમ્ય છે

20

25થી 2029 દરમ્યાનનો વર્તમાન સમયગાળો કંઈક અંશે ખાસ સમયગાળો છે. એનું નિમિત્ત છે, આજથી 100 વર્ષ અગાઉનો એટલે કે 1925થી 1929 દરમ્યાન આકાર પામેલો એક ઐતિહાસિક ઘટનાક્રમ. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' નવેમ્બર, 1925થી ફેબ્રુઆરી, 1929 સુધી નવજીવનમાં હપ્તાવાર પ્રકાશિત થઈ હતી. વળી, આ જ સમયગાળા દરમ્યાન 1927માં આ પુસ્તકરૂપે આ આત્મકથાનો પહેલો ભાગ પ્રકાશિત થયો હતો અને 1929માં હપ્તાવાર આત્મકથા પૂરી થઈ એ પછી પુસ્તકરૂપે તેનો બીજો ભાગ પ્રકાશિત થયો હતો.

અહીં કદાચ એ પ્રશ્ન થઈ શકે કે યુદ્ધ અને યોદ્ધાઓની વાત કરવાના આ સ્થાને ગાંધીજીની આત્મકથાની વાત કેમ તો એના જવાબમાં બે મુદ્દા મૂકી શકાય તેમ છે: એક, ગાંધીજી આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના નેતા તો હતા જ પણ તે પહેલાંય ગાંધીજી આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના યોદ્ધા પણ હતા જ. નેતા હોય તેથી યોદ્ધા મટી જતા નથી. એ જ રીતે આપણો સ્વાતંત્ર્ય સંગ્રામ એ એક રીતે બ્રિટિશરો સામે છેડેલું યુદ્ધ જ હતું. સંગ્રામ અહિંસક હોય તેથી સંગ્રામ મટી જતો નથી અને બે, ભારત દેશ આઝાદ થયો એ પછી ગાંધીજી તો દેશની અહિંસક સેના ઊભી કરવાની રૂપરેખા તૈયાર કરીને બેઠા હતા. એટલું જ નહીં આઝાદ ભારતના પહેલા ભારતીય લશ્કરી વડા જનરલ કે. એમ. કરિઅપ્પા ગાંધીજીને પહેલી વખત અને દેશના કમનસીબે છેલ્લી વખત પણ મળ્યા ત્યારે ગાંધીજીએ અહિંસક લશ્કર ઊભું


જનરલ જે. જે. સિંહ


કરવાનો વિચાર પણ તેમની સમક્ષ રજૂ કરેલો અને તે અંગે વધુ વિગતે ચર્ચા કરવા માટે બીજી વખત પણ કરિઅપ્પાને મળવાનું ઠરાવ્યું હતું પણ એ બીજી મુલાકાત કદી શક્ય જ ન બની એ આપણા માટે પ્રજા તરીકે અને દેશ તરીકે પણ ખેદજનક બાબત છે. આ નોંધાયેલો ઇતિહાસ છે. ઉલ્લેખનીય છે કે આ કે. એમ. કરિઅપ્પા સમય જતાં 1986માં સત્તાવાર રીતે ભારતના બીજા ફીલ્ડ માર્શલ પણ બન્યા હતા.

એટલે આ બંને પ્રશ્નો અને પોતાની આત્મકથાના પ્રકાશનની એક સદીના મુદ્દે ખરા ઊતરતા ગાંધીજીની આત્મકથાને નિમિત્ત બનાવીને અહીં જરા જુદી ચર્ચા કરી છે. અહીં કેટલાક લશ્કરી અધિકારીઓની જાણીતી આત્મકથાઓની વિગતે ચર્ચા કરી છે. આ વાત કરીએ છીએ ત્યારે એક સ્પષ્ટતા એ પણ કરી લઈએ કે આ પ્રકારની આત્મકથાઓની યાદીમાં એક જાણીતી આત્મકથા તરીકે મ વી.કે. સિંહની આત્મકથાનો પણ સમાવેશ થાય છે પણ અહીં તેનો માત્ર ઉલ્લેખ કરીને છોડી દઈએ કારણ કે હવે વી.કે. સિંહ તો રાજકારણી બની ગયા છે અને તેમણે જ્યારે આત્મકથાનું આ પુસ્તક લખ્યું ત્યારે તેનો મૂળ હેતુ તેમની જન્મતારીખ અંગે સરકાર સાથે થયેલા વિવાદની વિગતો જાહેરમાં મૂકીને આ મુદ્દે પોતાનો પક્ષ મજબૂત

**ફીલ્ડ માર્શલ સામ માણેકશાની જીવનકથાનું પુસ્તક એટલે વધુ ખાસ બની રહે છે કે તેના લેખક લેફ્ટનન્ટ જનરલ દેપિન્દરસિંહ એક સમયે ફીલ્ડ માર્શલ માણેકશાના મિલિટરી આસિસ્ટન્ટ રહ્યા હતા. તેમના આ પુસ્તકમાં માણેકશાની વિનોદવૃત્તિ, વૈચારિક સ્પષ્ટતા, આદર્શવાદી વિચારસરણી અને પ્રોફેશનાલિઝમ પ્રકાશમાં લવાયાં છે**

કરવાનો હતો એવાં ચર્ચા અને વિવાદ તે સમયે પણ થયાં હતાં અને આજે પણ થતાં રહે છે. આ બે કારણોસર અહીં તેમની આ આત્મકથાની વિગતે વાત કરવાનું ટાળ્યું છે. આટલી સ્પષ્ટતા સાથે હવે અન્ય કેટલાક લશ્કરી અધિકારીઓની આત્મકથાઓની યાદી જોઈએ.

એન ઓડિસી ઇન વૉર એન્ડ પીસ- લેખક:


ઇયાન કોર્ડોઝો

લેફ્ટનન્ટ જનરલ જે.એફ.આર. જેકબ: મુખ્યત્વે આત્મકથા અને સંસ્મરણો તરીકે વધુ પ્રખ્યાત આ પુસ્તક યુદ્ધ-71ની વ્યૂહાત્મક અને ફર્સ્ટ હેન્ડ માહિતી પૂરી પાડતો એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક દસ્તાવેજ બની રહ્યો છે. ઉલ્લેખનીય છે કે લેફ્ટનન્ટ જનરલ જે.એફ. આર. જેકબે યુદ્ધ-71 દરમ્યાન યુદ્ધ મેદાન પરના સંચાલન ઉપરાંત એ યુદ્ધના અંતિમ તબક્કામાં પાકિસ્તાન માટે શરણાગતિનો સત્તાવાર દસ્તાવેજ તૈયાર કરવામાં લશ્કરી નિષ્ણાત તરીકે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને એટલું જ નહીં એ દસ્તાવેજ લઈને તે સમયના પૂર્વ પાકિસ્તાનના પાટનગર ઢાકા




જઈને તે સમયે પાકિસ્તાનના ઇસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ જનરલ આમીર અબ્દુલ્લા ખાન નિયાઝીને તેમના સમકક્ષ ભારતીય લશ્કરી અધિકારી અને તે સમયે ભારતીય ઇસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ જનરલ જગજિતસિંહ અરોરા સમક્ષ પૂરા લશ્કરી સમ્માન સાથે શરણાગતિ સ્વીકારવા માટે સંમત કરવામાં લેફ્ટનન્ટ જનરલ જેકબે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

અ સોલ્જર્સ જનરલ- લેખક: જનરલ જે.જે. સિંહ: ભારતના 22મા લશ્કરી વડા જનરલ જે. જે. સિંહનું આ પુસ્તક ઉચ્ચસ્તરીય સુરક્ષાલક્ષી નિર્ણયો, કારગિલ વૉરનું વ્યૂહાત્મક આયોજન અને મિલિટરી ડિપ્લોમસી પર પ્રકાશ પાડે છે.

કારતૂસ સા'બ: અ સોલ્જર્સ સ્ટોરી ઓફ રેઝિલિયન્સ ઇન એડવર્સિટી- લેખક: મેજર જનરલ ઇયાન કોર્ડોઝો: એક ગોરખા સિપાઈની હિંમત કેટલી જોરદાર હોય એનો ઐતિહાસિક દસ્તાવેજ જેવો પુરાવો આ પુસ્તક છે. યુદ્ધ-71 દરમ્યાન એક યુદ્ધ મોરચે પોતાની લશ્કરી ટુકડીને લીડ કરી રહેલા આ લશ્કરી અધિકારીનો પગ લેન્ડ માઇન પર આવી જતાં આ પગ એ હદે ઘવાયો કે તત્કાળ તબીબી સારવાર અનિવાર્ય હતી પણ તે સમયે તત્કાળ તો કોઈ તબીબી સારવાર મળી શકે એવી વ્યૂહાત્મક અને ભૌગોલિક પરિસ્થિતિ નહોતી. એ સંજોગોમાં આ લશ્કરી અધિકારીએ છેલ્લા અનિવાર્ય વિકલ્પ તરીકે મન મક્કમ કરીને ગોરખા સિપાઈ તરીકે પોતાની પાસે હંમેશાં રહેતી ખુકરીથી જાતે જ પોતાનો ઘવાયેલો પગ કાપી નાખ્યો પણ યુદ્ધ મોરચો છોડવાનો ઇન્કાર કર્યો. આ યુદ્ધ પછી સત્તાવાર રીતે ગંભીર ઈજા થઈ હોવાથી તેમને લશ્કરી કારકિર્દી છોડવી પડે એવો વખત આવ્યો ત્યારે પરિસ્થિતિ સામે હાર માનવાના બદલે નકલી પગ (પ્રચલિત ભાષામાં જયપુર ફૂટ) લગાડીને લશ્કરમાં ફરજ બજાવતા રહ્યા હતા. ઇયાન કોર્ડોઝો આ રીતે ફરજ બજાવનાર ભારતીય લશ્કરના પહેલા અધિકારી બન્યા હતા અને છેવટે મેજર જનરલના પદે પહોંચીને સત્તાવાર રીતે સેવાનિવૃત્ત થયા હતા. પોતાની આ આત્મકથા ઉપરાંત પોતાની આ સંઘર્ષમય સફર વર્ણવતાં તેમણે 'બિયોન્ડ ફીયર' નામનું પુસ્તક પણ લખ્યું છે.

**ફીલ્ડ માર્શલ સામ માણેકશા:** સોલ્જરિંગ વિથ ડિગ્નિટી- લેખક: લેફ્ટનન્ટ જનરલ દેપિન્દરસિંહ: ફીલ્ડ માર્શલ સામ માણેકશાની જીવનકથાનું આ પુસ્તક એટલે વધુ ખાસ


જનરલ જે.એફ.આર. જેકબ

બની રહે છે કે તેના લેખક લેફ્ટનન્ટ જનરલ દેપિન્દરસિંહ એક સમયે ફીલ્ડ માર્શલ માણેકશાના મિલિટરી આસિસ્ટન્ટ રહ્યા હતા. તેમના આ પુસ્તકમાં માણેકશાની વિનોદવૃત્તિ, વૈચારિક સ્પષ્ટતા, આદર્શવાદી વિચારસરણી અને પ્રોફેશનાલિઝમ પ્રકાશમાં લવાયાં છે. આ જ ગુણોએ માણેકશાને એક સમ્માનીય લશ્કરી મુત્સદ્દી અને પછીના સમયમાં લશ્કરી તજજ્ઞના સ્તરે પહોંચાડ્યા હતા જેમણે ભારતીય લશ્કરને સાચા અર્થમાં એક ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું હતું. આ ઉપરાંત લશ્કરી અધિકારીઓની આત્મકથાઓ અને સંસ્મરણોનાં પુસ્તકોની આ યાદીમાં લેફ્ટનન્ટ જનરલ હરબક્ષસિંહના પુસ્તક ઇન ધ લાઇન ઓફ ડ્યુટી: અ સોલ્જર રિમેમ્બર્સ, લેફ્ટનન્ટ જનરલ બી.એસ. ઢાલીવાલના પુસ્તક ધ જનરલ કોલ્ડ ત્સુનામી: મેમોયર ઓફ અ સેપર, વાઇસ એડમિરલ એન. ક્રિશ્નનના પુસ્તક અ સેઇલર્સ સ્ટોરી, એરચીફ માર્શલ પ્રતાપચંદ્ર લાલના પુસ્તક માય યર્સ વિથ આઇએએફ વગેરેનો પણ સમાવેશ થાય છે.

આ પુસ્તકો પર નજર કરતાં એ ચોક્કસ કહી શકાય કે યુદ્ધ અને યોદ્ધઓની આ કથાઓ ખરેખર રમ્ય છે.



# આયુષ્માન ખુરાના હવે 'ટાઈમ પાસ' ફિલ્મ કરે છે?

શું

આયુષ્માન ખુરાનાની 'પતિ પત્ની ઔર વો 2' ને ઉનાળુ વેકેશનનો લાભ મળ્યો છે? આ પ્રશ્ન થવાનું કારણ એ છે કે સમીક્ષકોએ ફિલ્મને ખાસ વખાણી ન હોવા છતાં પહેલા દિવસે રૂ.4.38 કરોડ અને એમાં વધારો થઈ બીજા દિવસે રૂ.6.67 કરોડની કમાણી થઈ છે. એના પરથી કહી શકાય કે ઉનાળાના વેકેશનના માહોલમાં દર્શકો કોઈ બહુ ભારેખમ કે ગંભીર સિનેમા જોવાને બદલે થિયેટરના ACમાં બેસીને બે કલાકનું હળવું અને મગજ ચલાવ્યા વગરનું મનોરંજન માણવા માગે છે! શુક્રવારે માત્ર ડાય-હાર્ડ ફેન્સ અને યુવાનો થિયેટર પર જાય છે. પરંતુ શનિવારે પરિવારો અને સામાન્ય દર્શકોનો ધસારો વધે છે. ભલે વાર્તામાં મૂંઝવણ પરાણે ઊભી કરી હોય પણ જો તેમાં અશ્લીલતા ન હોય અને હળવી મજાક હોય તો વીકેન્ડમાં લોકો તેને 'ટાઈમ પાસ' તરીકે પસંદ કરી લે છે. વળી લોકોની અંદરોઅંદરની ચર્ચાના કારણે ફિલ્મ સંપૂર્ણપણે નકારાઈ નથી. એવું લાગે છે કે ક્યારેક કલાકારોએ પણ પોતાની લોનના હપ્તા ભરવા માટે આવી ફિલ્મો કરવી પડતી હોય છે.

**આયુષ્માનની એક ખાસિયત છે કે પારિવારિક દર્શકો તેની કોમેડી પર ભરોસો મૂકે છે. ભલે ટિપિકલ ફોર્મ્યુલા હોય પણ તેની સ્ક્રીન પ્રેઝન્સ લોકોને થિયેટર સુધી ખેંચી લાવવામાં સફળ રહી છે**

આ ફિલ્મ કાર્તિકની સુપરહિટ 'પતિ પત્ની ઔર વો' ની આધ્યાત્મિક સિક્વલ છે. વાર્તાની દ્રષ્ટિએ આ નવી ફિલ્મને જૂની સાથે કોઈ સીધો સંબંધ નથી, પરંતુ તે જ જૂના કોમેડી ફૉર્મેટને આગળ ધપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આયુષ્માનની એક ખાસિયત છે કે પારિવારિક દર્શકો તેની કોમેડી પર ભરોસો મૂકે છે. ભલે ટિપિકલ ફોર્મ્યુલા હોય પણ તેની સ્ક્રીન પ્રેઝન્સ લોકોને થિયેટર સુધી ખેંચી લાવવામાં સફળ રહી છે. બોક્સ ઓફિસ પર 'પતિ પત્ની ઔર વો 2' માં બીજા દિવસે આવેલો 54%નો ઉછાળો સિનેમા જગતની એક બહુ જૂની અને જાણીતી વાસ્તવિકતા તરફ ઈશારો કરે છે કે, 'બોક્સ ઓફિસ કલેક્શન અને ફિલ્મની ગુણવત્તા વચ્ચે હંમેશા સીધો સંબંધ હોય તે જરૂરી નથી.' સમીક્ષકોએ કહ્યું છે કે આયુષ્માને કોમેડી ફિલ્મો ચોક્કસ કરવી જોઈએ પણ આવી વાહિયાત વાર્તા અને કલાકારો સાથે ફરી ક્યારેય કામ ન કરવું જોઈએ. આયુષ્માનની




સૌથી મોટી તાકાત એ છે કે તે બોલિવૂડમાં 'આઉટ ઓફ ધ બોક્સ' અને અતરંગી કન્ટેન્ટ લાવવા માટે જાણીતો છે. જ્યારે તે વિકી ડોનર, બધાઈ હો કે 'ડ્રીમ ગર્લ' જેવી ફિલ્મો કરે છે ત્યારે તેની પાછળ એક મજબૂત અને નવીન વાર્તા હોય છે. જે દર્શકોને જકડી રાખે છે. પરંતુ 'પતિ પત્ની ઔર વો 2' જેવી ફિલ્મોમાં જ્યારે વાર્તા બાલિશ થઈ જાય અને કોમેડી પરાણે ઘુસાડવામાં આવી હોય ત્યારે આયુષ્માન જેવા ઉત્કૃષ્ટ કલાકારની પ્રતિભા પણ વેડફાઈ જતી લાગે છે. વળી જો આસપાસના સહ-કલાકારો નબળી એક્ટિંગ કે નકલી લહેકા સાથે વાર્તાનો પ્રવાહ તોડતા હોય તો મુખ્ય હીરો ગમે તેટલી મહેનત કરે તો પણ ફિલ્મ ડૂબતા બચી શકતી નથી.

આયુષ્માન માટે ખરેખર હવે એ સમય આવી ગયો છે કે આવી ટિપિકલ બોલિવૂડ ફોર્મ્યુલા વાળી સિક્વલ્સની જાળમાં ફસાવાને બદલે અર્થસભર, વાસ્તવિક અને મજબૂત સોશિયલ ડ્રામા તરફ પાછા ફરવું જોઈએ. નિર્દેશકે માત્ર સુંદર ચહેરાઓનો ઉપયોગ કરીને કન્ફ્યુઝન ઊભું કરવાની કોશિશ કરી છે પરંતુ બધી સમસ્યાઓ બહુ બાલિશ લાગે છે. ઈમોશન બિલકુલ અનુભવાતા નથી અને રોમાન્સના નામે માત્ર રડવું આવે છે. સંવાદોમાં જબરદસ્તી કોમેડી નાખવાના ચક્કરમાં બધું બગાડી નાખ્યું છે. જોકે, એવું પણ નથી કે આ દુનિયાની સૌથી ખરાબ ફિલ્મ છે, આયુષ્માને પોતાની 'કન્ટેન્ટ કિંગ' વાળી ઈમેજ બચાવવા પૂરા પ્રયત્નો કર્યા છે અને કેટલાક સીન્સ ખરેખર હસાવે તેવા છે. આ ફ્રેન્ચાઈઝીની પાછલી ફિલ્મ પણ આવી જ હોવા છતાં રૂ.100 કરોડ કમાઈ ગઈ હતી એટલે આ ફિલ્મને બહુ બદનામ ન કરી શકાય. આ એક એવી ફિલ્મ છે જેની એક્સપાયરી ડેટ 10-15 વર્ષ પહેલાં પૂરી થઈ ગઈ છે. જો આ ફિલ્મ પહેલાં આવી હોત તો કદાચ આખો પરિવાર સાથે બેસીને થિયેટરમાં હસતો હોત. ૨૦૨૬ના સમયમાં આ ફોર્મ્યુલા કામ ન કરી શકે. નિર્માતાએ ગોવિંદાની જૂની ફિલ્મોની ફોર્મ્યુલા અપનાવી છે. જેમાં ઘણું બધું કન્ફ્યુઝન ઊભું કરો એટલે કોમેડી આપોઆપ બની જશે. ક્લાઈમેક્સ તરફ જતાં વાર્તાને થોડી વધુ ખેંચવામાં આવી છે અને તે એક કટાક્ષની જેમ ચાલે છે. આ એક એવી ફિલ્મ જે તેની લોજિકલેસ કોમેડીથી બિલકુલ શરમાતી નથી. નિર્દેશક મુદસ્સર અઝીઝની આ પોતાની એક અલગ દુનિયા છે.

ફિલ્મનું ટ્રેલર જોઈને વાર્તાનો જે અંદાજ લગાવવામાં આવ્યો હતો તેનાથી સાવ અલગ નીકળે છે. ટ્રેલરમાં જે બતાવવામાં આવ્યું હતું તે માત્ર દર્શકોને મુંઝવણમાં મૂકવા માટે જ હતું. ફિલ્મની અસલી વાર્તા અલગ જ દિશામાં આગળ વધે છે, આમ છતાં આયુષ્માનની હાજરી અને હળવી કોમેડીના કારણે ફિલ્મ ક્યાંક ને ક્યાંક મનોરંજન પૂરું પાડે છે. ગેરસમજો વચ્ચે એકાદ-બે જગ્યાએ જોરદાર હાસ્ય પણ આવી જાય છે. સારી વાત એ છે કે ફિલ્મ પૂરા બે કલાકની પણ નથી. તેથી વાર્તા ખૂબ જ ઝડપી ગતિએ આગળ વધે છે. ફિલ્મમાં કોઈ અશ્લીલતા નથી. જેથી મિત્રો અને પરિવાર સાથે જોઈ શકાય એમ છે. જો બહુ મોટી આશા ન રાખવામાં આવે તો તે બોલિવૂડની એક ટિપિકલ કોમેડી ફિલ્મ સાબિત થાય છે. જે કંઈ પણ નવું પીરસતી નથી.

## ઓટોગ્રાફ!

ખબર છે કે અક્ષયકુમારની 'વેલકમ ટુ ધ જંગલ' અને અજય દેવગનની 'ધમાલ ૪' વચ્ચે ટક્કર ટળી છે. (બોલિવૂડમાં ભલે 'સિંઘમ' અને 'સૂર્યવંશી' વિલન સામે સાથે લડતા હોય પણ બોક્સ ઓફિસ પર ટક્કરની વાત આવી ત્યારે સાથે આવવામાં જોખમ દેખાયું છે!)

# પ્રેમમાં પડુંપડું કરતી યુવા પેઢીને..!


આ

જે એક બહુ જૂના પત્રની ચર્ચા કરવી છે. પત્ર બારમામાં બે વાર નાપાસ થયેલી યુવતીનો છે. એ યુવતીને ત્રણેક છોકરા જોડે પ્રેમ થયો હતો પણ ત્રણેમાં એ નિષ્ફળ રહી હતી. હવે ખરી વાત એ છે કે એને બારમામાં નાપાસ થવાને બદલે પ્રેમમાં નાપાસ થવાનું ભારે દુઃખ છે. દોસ્તો, એ યુવતીના પત્રથી પ્રારંભ કર્યો મતલબ અમને એક વિષય મળવાથી વધારે એ પત્રની અમારે માટે કોઈ જ વિશેષ મહત્તા નથી. પત્રલેખિકાના લખવાનુસાર એ પ્રણયવિરાંગનાએ સાતમા ધોરણથી પ્રેમ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. એ વાંચી અમને શેક્સપિયરના 'રોમિયો જુલિયટ' નાટકનું સ્મરણ થયું. વાચકોને ખબર હશે જ કે જુલિયટ જ્યારે પ્રેમની વેદનામાં ખંજર હુલાવી આપઘાત કરે છે ત્યારે તેની ઉંમર ૧૪ વર્ષની હોય છે. ૧૪ વર્ષે થતો પ્રેમ દૂધિયા દાંત જેવો હોય છે. શેક્સપિયર સાહેબ ભારતના કુટુંબનિયોજન ખાતામાં કામ કરતા હોત તો એમણે જુલિયટની ઉંમર થોડી વધારે બતાવવી પડી હોત!

ખેર.. તેર ચૌદ વર્ષની મુગ્ધાવસ્થામાં અંતરે જે યૌવનસહજ ઉર્મિઓનો આવિર્ભાવ થાય છે, તેને જ આપણો યુવાવર્ગ પ્રેમ માની લે છે પરંતુ કૌમાર્યાવસ્થાના દૈહિક આકર્ષણને પ્રેમ માની લેવો એટલે ચોકલેટ ઉપર વિંટાળેલા કાગળ(રૅપર)ને ચોકલેટ માની લેવા જેવી ભૂલ ગણાય. પ્રેમ અને દેહાકર્ષણ વચ્ચે આંબાની મંજરી અને પાકી કેરી જેવો તફાવત છે. જેઓ આંબાની કેરીનો પાક લે છે તેમનું કહેવું છે કે, ખૂબ નાના આંબા પર ફૂટતા

મોરને એકાદ બે વર્ષ સુધી નષ્ટ કરતા રહેવું પડે છે, તે પછી જ આંબો તંદુરસ્ત ફળ આપી શકે છે. પ્રેમનું ય લગભગ એવું જ..! પ્રારંભિક યૌવનની ઊર્મિઓ સોડાબોટલના ઉભરા જેવી હોય છે. તન, મન અને બુદ્ધિ થોડાં પુખ્ત બને પછી જ પ્રેમમાં થોડી પરિપક્વતા આવે છે.

કોઈ સ્ત્રી અવાવરુ કૂવા જેવા નકામા યુવકના




પ્રેમમાં પડી એવું સાંભળીએ છીએ ત્યારે અમને એક ડૉક્ટરના કિસ્સાનું સ્મરણ થાય છે. એ છોકરી કામદેવ જેવા રૂપાળા દીકરાને દિલ દઈ બેઠી અને પરણી ય ખરી પરંતુ લગ્ન પછીના એક જ વર્ષમાં એને પ્રતીતિ થઈ ગઈ કે એનો નિર્ણય ખોટો હતો.

હવે પેલા કામદેવ જોડે એને કટ્ટર શત્રુતા થઈ ગઈ છે. એણે હવે છૂટા થવું છે પણ પેલો છૂટાછેડા આપતો નથી. ડૉક્ટરે વકીલોની સલાહ લઈ કેસ દાખલ કર્યો છે. કોકડું બૂરી રીતે ગૂંચવાયું છે. દીકરીની ઉંમર વધતી




જાય છે. ચુકાદો ઝટ આવતો નથી. આખું કુટુંબ અકથ્ય પીડા અનુભવી રહ્યું છે પણ કોઈ ઉપાય જડતો નથી. પ્રેમ આંધળો હોય છે એવું લોકોને બોલતા સાંભળીએ છીએ ત્યારે લાગે છે કે પ્રેમ એના સ્થાને ઠીક હોય છે પણ માણસના બૌદ્ધિક અંધાપાને કારણે પ્રેમ નાહક બદનામ થાય છે.

આજનો યુવાન કોલેજને લવ ગાર્ડન સમજે છે. અભ્યાસને ઈતર પ્રવૃત્તિ સમજે છે અને પ્રેમને કમ્પલસરી સબ્જેક્ટ સમજી દિલ દઈને મહેનત કરે છે. આપણા સૌનો અનુભવ છે કે હાથ લાગ્યા તેવા પાત્ર જોડે - 'અબ ચાહે મા રૂઠે યા બાબા.. યારા મૈંને તેરી બાંહ પકડલી..!'

એવી ઈશ્કી ધૂન લલકારતા યુવાનો બહુ ટૂંકા ગાળામાં: 'દિલકે ટુકડે હજાર હુએ' - ના રોંદણાં રડતા થઈ જાય છે. દર વર્ષે આપણી કોલેજો એવા તીનપાટિયા પેમલા પેમલીનો બહુ મોટો જથ્થો બજારમાં મૂકે છે. તેઓ માને છે કે શિયાળો શક્તિસંચયની ઋતુ કહેવાય છે. મેથીપાક ખાવાથી શક્તિ વધે છે એમ તેઓ માને છે. કદાચ એ ખોટું છે.

શું ટાયસન મેથીપાક ખાતો હતો? મજૂરો મેથીપાક ખાતા નથી છતાં પાંચ મણ ઘઉંની ગૂણ પાંચમા માળે ચઢાવી શકે છે. આપણે આખી જિંદગી અડદિયું ખાઈએ છીએ છતાં અધમણની ગૂણ લઈ અડધે ના પહોંચીએ ત્યાં અધમૂવા થઈ જઈએ છીએ..! સિંહ સાલમપાક નથી ખાતો અને ચિત્તો ચ્યવનપ્રાસ નથી ખાતો છતાં હાથીનો શિકાર કરી શકે છે. યાદ રહે શક્તિ સાલમપાકમાં નહીં કુદરતી આયોજનમાં હોય છે!

## ધૂપછાંવ

જાપાનના એક વિશ્વ પ્રસિદ્ધ જાદુગરનો શો મુંબઈના એક ભવ્ય હોલમાં યોજાયો. જાદુગરે સ્ટેજ પર પ્રથમ હરોળમાં બેઠેલા બે મુખ્ય મહેમાનોને બોલાવી એક પેટીમાં બંધ કર્યા અને પ્રેક્ષકોને કહ્યું: ''હું એ બન્ને જણને ઓળખતો નથી પણ એમને બન્નેને બહાર કાઢીશ ત્યારે એમની છાતી પર એમનો પરિચય લખ્યો છે તે આપ વાંચી શકશો. જાદુગરે થોડી મિનિટો બાદ બન્નેને બહાર કાઢયા. બન્ને જાનવર બની ગયા હતા. એક ડુક્કર હતું અને બીજું શિયાળ ! બન્નેના મોં વચ્ચે એક હાડકું હતું.

જે હાડકાં માટે તેઓ લડી રહ્યાં હતાં તે હાડકાં માટે બીજી જ મિનિટે જાદુગરે-'એક્શન' બોલી ત્યાં રૂમાલનો ઝાટકો માર્યો અને તુરત તે હાડકું ખુરશીનો હાથો બની ગયું..! પ્રેક્ષકો જાદુગરનો ઈશારો સમજી ગયા અને તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધો.